# સુરત મહાનગરપાલિકા

## પાણી સમિતિ

## સુ ચ ના

સુરત મહાનગરપાલિકાની **પાણી સમિતિની** એક સભા **તા.૧૭–૦૫–૨૦૨૫** ના રોજ સાંજના **૪–૦૦ કલાકે** મહાનગરપાલિકા કચેરીના નવા એનેક્ષી બિલ્ડીંગના **"સ્થાયી સમિતિ સભાખંડ"** માં નીચે જણાવેલ કામો પર વિચારણા કરવા સારૂ મળશે.

૧. મ્યુ.ક.શ્રીનો તા.૧૫–૪–૨૦૨૫ નો પત્ર, હાઈડ્રોલિક ખાતે વિવિધ વોટર વર્કસની લેબોરેટરી અને જળવિતરણ મથક ખાતે વિવિધ પોર્ટેબલ લેબોરેટરી ઈન્સ્ટુમેન્ટ ખરીદવાના કામે આવેલ કુલ–૨ ટેન્ડરો પૈકી નીચા ભાવના ટેન્ડરના ટેન્ડરર Aplab Engichem Pvt Ltd, Ahmedabad ને ટેન્ડરની અંદાજી રકમ રૂા.૧૮,૦૬,૯૧૬/– થી ૮.૪૭% ઉંચા ભાવે એટલે કે રૂા.૧૯,૬૦,૦૦૦/– (+ પ્રવર્તમાન GST) ના ખર્ચે ઉકત કામ સોંપવા અંગે યોગ્ય નિર્ણય લેવા તથા ટેન્ડરર સાથે કરારનામુ કરવા મ્યુ.ક.શ્રીને અધિકૃત કરવા બાબત.

૨. મ્યુ.ક.શ્રીનો તા.૧૯–૪–૨૦૨૫ નો પત્ર, સાઉથ ઝોન–બી, ડ્રાફ્ટ ટી.પી. સ્કીમ નં.૫૯ (પારડી કણદે–સચીન–કનસાડ), બ્લોક નં.૧૭૭, ૧૭૮, ૧૭૯, ૧૮૨, ૧૮૩, એફ.પી.નં.૧૦૦/એ માં આવેલ "અમર સ્વપ્ન" સોસાયટીના રસ્તા ઉપર પાણીની નળીકા નાંખવાના રૂા.૧૭,૩૦,૦૦૦/– ના નેટ તથા રૂા.૧૭,૬૫,૦૦૦/– ના ગ્રોસ અંદાજ મંજુર કરવા બાબત.

૩. મ્યુ.ક.શ્રીનો તા.૭–૫–૨૦૨૫ નો પત્ર, સાઉથ ઈસ્ટ ઝોન, ટી.પી. સ્કીમ નં.૬૧ (પરવત–ગોડાદરા), ફા.પ્લોટ નં.૨૦૬ માં નવી બની રહેલ બુસ્ટર હાઉસ સહિતની ભૂગર્ભ ટાંકી એટલે કે પરવત–ગોડાદરા વોટર ડીસ્ટ્રીબ્યુશન સ્ટેશન ખાતે મીકેનીકલ / ઈલેક્ટ્રીકલ / ઈન્સ્ટુમેન્ટેશન કામગીરી માટે કેપીટલ કામગીરીના રૂા.૬,૭૪,૧૭,૭૨૨/– (જી.એસ.ટી. વગર) ના નેટ તથા રૂા.૭,૨૧,૩૭,૦૦૦/– (જી.એસ.ટી. વગર) ના ગ્રોસ અંદાજ તથા ત્રણ વર્ષ માટે ઓપરેશન એન્ડ મેઈન્ટેનન્સની કામગીરી પેટે રૂા.૯૩,૩૯,૭૨૪/– (જી.એસ.ટી. વગર) ના અંદાજ મંજુર કરવા સા.સભાને ભલામણ કરવા બાબત.

૪. મ્યુ.ક.શ્રીનો તા.૧૨–૫–૨૦૨૫ નો પત્ર, સાઉથ ઈસ્ટ ઝોન, ટી.પી. સ્કીમ નં.૮ (ઉમરવાડા), ફા.પ્લોટ નં.૯૦ માં આવેલ સોનિયાનગર સ્લમ વિસ્તારની ગલીઓમાં જુની લાઈનો બદલી નવી ૬૩ મી.મી. તેમજ ૨૦ મી.મી. વ્યાસની MDPE પાણીની લાઈન નાંખવાના રૂા.૨૫,૯૬,૪૦૦/– ના નેટ તથા રૂા.૨૬,૪૯,૦૦૦/– ના ગ્રોસ અંદાજ મંજુર કરવા સા.સભાને ભલામણ કરવા બાબત.

૫. સભ્યશ્રી દિનેશ પુરોહિત (રાજપુરોહિત) નો તા.૧૨–૫–૨૦૨૫ નો પત્ર, તેઓનું તા.૧૫–૪–૨૦૨૫ ના રોજ મળેલ સભામાં ગેરહાજર રહેવાનું જણાવેલ કારણ મંજુર કરવા બાબત.

આ દે શ થી,

Thakkar

ઈ.ચા.મ્યુ.સેક્રેટરી વતી,
સુરત મહાનગરપાલિકા

મહાનગરપાલિકા કચેરી,
સુરત, તા.૧૪–૦૫–૨૦૨૫

*A. K. DESAI*